રાજ્યના સ્થાનિક સંવર્ગના કર્મચારીઓની ભરતી મંજૂર થયેલ સેટ-અપ ઉપર ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ અથવા માન્ય ઠરાવેલ પધ્ધતિ હેઠળ નિયમોનુસાર કરવા બાબત.

ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંક:ગપમ/૧૦૨૦૧૭/૩૧૧/ક
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા.03/૦૮/૨૦૧૭.

વંચાણે લીધા: (૧) સરકારશ્રીના પંચાયત વિભાગના તા.૨૫-૦૮-૧૯૮૩ના પરિપત્ર ક્ર:નપમ/૧૦૮૩/૯૬૪(૧)/ક.

(૨) સરકારશ્રીના પંચાયત,ગ્રા.ગૃ.નિ.અને ગ્રા.વિ.વિભાગના તા.30-૦૯-૧૯૯૧ના પરિપત્ર ક્ર: નપમ/ ૧૦૯૦/૧૮૦૨/ક.

(3) સરકારશ્રીના પંચાયત,ગ્રા.ગૃ.નિ.અને ગ્રા.વિ.વિભાગના તા.૧૪-૦૯-૧૯૯૩ના ઠરાવ ક્ર: નપમ/૧૬૯૧/૪૬૭/ક.

(૪) સરકારશ્રીના પંચાયત,ગ્રા.ગૃ.નિ.અને ગ્રા.વિ.વિભાગના તા.૨૩-૦૨-૨૦૦૫ના પરિપત્ર ક્ર: નપમ/૧૦૨૦૦૧/૧૦૦૮/ક.

(૫) સરકારશ્રીના પંચાયત,ગ્રા.ગૃ.નિ.અને ગ્રા.વિ.વિભાગના તા.૧૮-૧૦-૨૦૦૬ના પરિપત્ર ક્ર: નપમ/૧૯૮૭/૨૯૨૬/ક.

(૬) તા. ૧૨/૦૪/૨૦૧૭ નો ગુજરાત પંચાયત અધિનિયમ ,૧૯૯૩ સેકશન ૫૫માં પેટા કલમ (૪) નો સુધારો.

પ્રસ્તાવના:

ગ્રામ પંચાયતો એ ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ રચાયેલ સંસ્થાઓ છે. જેથી રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવતા મહેક્મ ઉપર વખતોવખત બહાર પાડવામાં આવેલ નિયમોથી

નિયત થયેલ માન્ય પધ્ધતિ અધિનિયમ ની કલમ- ૨૨૯ થી નિયત કરવામા આવેલ છે તથા અધિનિયમ ની કલમ- ૨૩૫ તથા ૨૩૬ થી કલમ- ૨૨૯ મુજબ નિમણુંક આપવા માટેની કાર્યરીતી નકકી કરવામા આવેલ છે. તે મુજબ કર્મચારીઓની નિમણુંક/ભરતી કરવાની થાય છે. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૦૭/૦૭/૧૯૯૮ના જાહેરનામા ક્રમાંક કેપી/૩૫/૧૯૯૮/પીઆરઆર-૧૧૯૬-૧/ડ થી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૯૮ અમલમાં મુકવામાં આવેલ છે, જે પ્રવર્તમાન છે.

ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ-૯ હેઠળ રચાયેલ ગ્રામ પંચાયતો ને અધિનિયમ ની કલમ-૯૯ સાથે જોડેલ અનૂસુચિ-૧ મુજબના પોતાના સ્વભંડોળમાંથી કરવાના થતા કાર્યો માટે અધિનિયમની કલમ-૧૧૪ (૧) (ખ) તથા કલમ ૧૧૪ (૩) મુજબ ના કાર્યો કરવા અને ફરજો બજાવવા માટે જરુર જણાયે મહેકમ મંજુર કરવા માટે કલમ-૨૨૭ (૩) (ઘ)ની જોગવાઇ મુજબ રાજ્ય સરકાર દ્વારા વખતોવખત મહેકમ મંજુર કરવામાં આવેલ છે. ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૨૨૭ થી રાજય સરકાર ધ્વારા આ સેવાઓનું નિયમન કરવામાં આવે છે.

ગુજરાત પંચાયત સેવા ( નિમણુંક સત્તાધિકારીઓ ) બાબતના નિયમો-૧૯૯૬ ના નિયમ (૨) ના ક્રમ- (૧૪) થી ગ્રામ પંચાયત હેઠળ ની તમામ જગ્યાઓ માટે નિમણુંક સત્તાધિકારી નકકી કરવામાં આવેલ છે. ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની વિવિધ જોગવાઇઓથી રાજય સરકાર ધ્વારા ગ્રામ પંચાયતો માટે જરુરીયાત મુજબનું મહેકમ, ભરતી માટેની માન્ય પધ્ધતિ, ભરતી માટેની કાર્યરીતિ તથા નિમણૂંક સત્તાધિકારી નક્કી કરવામાં આવેલ છે.

ગ્રામ પંચાયતોએ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ હોઇ, ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૨૨૮ થી ગ્રામ પંચાયતોના કોઇ અધિકારી/કર્મચારીઓના પગાર-ભથ્થા અને તેમને મળતા અન્ય લાભો પેટેનો તમામ ખર્ચ ગ્રામ પંચાયતોએ પોતાના ફંડ (સ્વભંડોળ) માંથી આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

<u>પરિપત્ર</u> :-

ઉપર્યુક્ત વંચાણે લીધેલ વિભાગના પરિપત્રો/ઠરાવથી રાજય સરકાર દ્વારા વખતોવખત સ્થાનિક સંવર્ગ (ગ્રામ પંચાયતો) ના કર્મચારીઓની નિમણુંક/ભરતી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૨૨૭ મુજબ માન્ય પધ્ધતિ એટલે કે, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,

જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિઓ તથા રોજગાર વિનિમય કચેરી મારફતે જાહેરાત આપીને ઠરાવેલ માન્ય પધ્ધતિ અનુસાર વિવિધ સંવર્ગના કર્મચારીઓની પસંદગી કરવામાં આવે છે. આ પસંદ થયેલ વિવિધ સંવર્ગના કર્મચારીઓની જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તેમજ ગ્રામ પંચાયતોમાં સક્ષમ સતાધિકારીશ્રી દ્વારા મંજુર થયેલ સેટઅપ (મહેકમ) ઉપર જરૂરિયાત મુજબ નિમણુંક/ભરતી કરવામાં આવે છે. આ સિવાય થયેલ તમામ નિમણુંક/ભરતી ગેરકાયદેસર/અનિયમિત( IRREGULAR / ILLEGAL APPOINTMENTS ) છે. આ અંગેની જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને સ્પષ્ટ સુચનાઓ આપવામાં આવેલ હોવા છતાં, આપેલ સુચનાઓનું પાલન કરવાના બદલે રાજયભરની ગ્રામ પંચાયતો પૈકી કેટલીક ગ્રામ પંચાયતો દ્વારા ઠરાવ્યા મુજબ ની નિયત પધ્ધતિને અનુસરવાને બદલે ગુજરાત પંચાયત અધિનિયમ ની જોગવાઇઓ વિરુધ્ધ સ્વમેળે પોતાની રીતે ગ્રામ પંચાયતોમાં ઠરાવો કરીને અનિયમિત / ગેરકાયદેસર નિમણૂંક / ભરતી (IRREGULAR / ILLEGAL APPOINTMENTS ) કરેલ છે, ઉપરાંત કેટલાક કિસ્સાઓમાં જોવા મળ્યુ છે કે, ગ્રામ પંચાયતો દ્વારા જરૂરી મહેકમ મંજુર કરાવ્યા સિવાય ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઇઓ વિરૂધ્ધ રોજમદાર/ અંશકાલિન / મસ્ટર રોલ, બાંધ્યા પગારે (ફિક્સ પગાર), દહાડીયા પત્રક ઉપર હાજરીથી તેમજ હંગામી ધોરણે જેવી વિવિધ રીતે અનિયમિત/ગેરકાયદેસર નિમણુંકો/ભરતી કરવામાં આવેલ છે તેવું સરકારશ્રીના ધ્યાને આવેલ છે, આમ સરકારશ્રી દ્વારા વખતોવખત આપવામાં આવેલ સુચનાઓનુ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ દ્વારા ચુસ્તપણે પાલન કરવામાં આવતું નથી જે ગંભીર બાબત છે. હાલમાં નામ. ગુજરાત હાઇકોર્ટમાં સ્થાનિક સંવર્ગ એટલેકે ગ્રામ પંચાયતોમાં રોજમદાર/ અંશકાલિન / મસ્ટર રોલ, બાંધ્યા પગારે (ફિક્સ પગાર), દહાડીયા પત્રક ઉપર હાજરીથી તેમજ હંગામી ધોરણે જેવી વિવિધ રીતે અનિયમિત / ગેરકાયદેસર નિમણુંકો / ભરતીને નામ. લેબરકોર્ટ / ઔદ્યોગિક અદાલતોના ચુકાદાઓ/સમાધાન અન્વયે, કાયદેસર કરી આપવા ચાલતા કોર્ટ કેસોમાં નામ. ગુજરાત હાઇકોર્ટએ વિભાગના અધિકારીશ્રીઓને રૂબરૂ બોલાવી વહીવટીતંત્ર દ્વારા આ બાબતે ઠરાવેલ માન્ય પધ્ધતિથી નિમણુંકો / ભરતી કરવા સંબંધિતોને યોગ્ય કાર્યવાહી કરવા જરૂરી સુચનાઓ આપવા જણાવેલ છે.

૨. સરકારશ્રીની સ્પષ્ટ સૂચનાઓ હોવાછતાં, ગ્રામપંચાયતો દ્વારા આવી અનિયમિત / ગેરકાયદેસર નિમણૂંક/ભરતી ( IRREGULAR/ILLEGAL APPOINTMENTS ) કરવામાં આવેલ છે જેથી આવી અનિયમિત / ગેરકાયદેસર નિમણૂંક/ભરતીનાં કારણે ગ્રામ પંચાયતનાં આ રીતે નિમણૂંક પામેલ

ઇસમો તેઓને મળવાપાત્ર સેવા વિષયક લાભો, નિવૃત્તિ સમયે પેન્શન જેવા લાભો મેળવવા નામ. ઔદ્યોગિક અદાલતોનો આશરો લેતા હોય છે. ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યૂટ એક્ટ-૧૯૪૭ની કલમ (૨) મુજબ વર્કમેનની વ્યાખ્યા સ્પષ્ટ કરવામાં આવેલ હોવાછતાં જીલ્લા પંચાયતો / તાલુકા પંચાયતો તથા ગ્રામ પંચાયતો ધ્વારા નામ.ઔદ્યોગિક અદાલતમાં યોગ્ય રીતે બચાવ/ દલીલો કરવામાં આવતી નથી, ઉપરાંતમાં નામ.ઔદ્યોગિક અદાલતમાં સરકારશ્રીને પક્ષકાર બનાવવામાં આવતા ન હોવાના કારણે સ્થાનિક કક્ષાએ નામ.ઔદ્યોગિક અદાલતના ચુકાદાઓની અમલવારી કરી આવા ઇસમોને નોકરીમાં ચાલુ રાખવામાં આવે છે. સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા નામ.ઔદ્યોગિક અદાલતોના ચુકાદાઓ અમલ ના કરતાં, આ રીતે નિમણુંક પામેલ ઇસમો દ્વારા સેવા વિષયક/નિવૃત્તિ સમયે પેન્શન જેવા લાભો મેળવવા માટે નામ. ગુજરાત હાઇકોર્ટમાં સરકારશ્રીને પક્ષકાર બનાવે છે, આવા કોર્ટ કેસોમાં સરકારશ્રીને પક્ષકાર બનાવવામાં ના આવે તેવી સુચનાઓ આપેલ હોવાછતાં આ સુચનાઓનો અમલ કરવામાં આવતો નથી. આવા કિસ્સાઓમાં તેઓની નિમણુંક નિયમોનુસાર નહી હોવાછતાં તેમજ સંબંધિત ગ્રામ પંચાયતો દ્વારા દાખવેલ અનિયમિતતા અને બેદરકારીના કારણે નામ. ગુજરાત હાઇકોર્ટના ચૂકાદાઓ સ્વીકારવાને કારણે અરજદારોને કાયમી મહેકમ ઉપર સમાવવાથી સરકારશ્રીને અતિશય નાણાંકીય બોજ વહન કરવો પડે છે તેમજ બિનજરૂરી સમયનો વ્યય થાય છે. સરકારશ્રીની સુચનાઓ હોવાછતાં નિયત સમયમર્યાદામાં ચુકાદાઓની અમલવારી કરવામાં આવતી નથી અથવા આમ નામ, ગુજરાત હાઇકોર્ટમાં સમયમર્યાદામાં અપીલ કરવામાં આવતી નથી પરિણામે નામ. હાઇકોર્ટના અવમાનના પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે. જે ધ્યાને લેતાં, ગ્રામ પંચાયતો દ્વારા આવી અનિયમિત / ગેરકાયદેસર નિમણૂંક / ભરતી (IRREGULAR / ILLEGAL APPOINTMENTS ) કરવાની પધ્ધતિ નિવારવી અત્યંત જરૂરી તેમજ અનિવાર્ય છે.

૩. રાજ્યના સ્થાનિક સંવર્ગના (ગ્રામ પંચાયતો)ના કર્મચારીઓની ગેરકાયદેસર / અનિયમિત નિમણૂંકો ભરતી ( IRREGULAR / ILLEGAL APPOINTMENTS ) ન થાય તે માટે નીચે સુચવ્યા મુજબની કાર્યવાહી હાથ ધરવા તેમજ આપેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ તથા તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ ગ્રામ પંચાયતોને જણાવવામાં આવે છે.

(૧) રાજ્યની તમામ ગ્રામ પંચાયતોએ સક્ષમ અધિકારી દ્વારા મંજુર કરેલ સેટઅપ (મહેકમ) ઉપર પંચાયત અધિનિયમની જોગવાઇ મુજબ ઠરાવેલ માન્ય પધ્ધતિ અનુસાર નિમણુંક સતાધિકારીશ્રીની પુર્વ મંજુરી મેળવ્યા બાદ જ નિમણુંક/ભરતી કરવાની રહેશે.

(૨) ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં/કારોબારી સમિતિમાં પંચાયત અધિનિયમની જોગવાઇ મુજબ ઠરાવેલ માન્ય પધ્ધતિ વિરૂધ્ધ ગેરકાયદેસર / અનિયમિત નિમણૂંકો / ભરતી ( IRREGULAR / ILLEGAL APPOINTMENTS ) અંગેનો ઠરાવ થાય તેવા પ્રસંગોએ તલાટી-કમ-મંત્રીએ અસંમત્તિ દર્શાવી માન.સભ્યશ્રીઓનું ધ્યાન દોરવાનું રહેશે. તેમછતાં ગ્રામ પંચાયતો દ્વારા આવો ઠરાવ કરવામાં આવેતો સંબંધિત તાલુકા વિકાસ અધિકારીને ખાસ પત્ર લખીને ઠરાવનો પ્રતિષેધ કરવા માટે તાત્કાલિક દરખાસ્ત કરવાની રહેશે.

(૩) પંચાયતો દ્વારા અથવા તો તેના પદાધિકારીઓ દ્વારા કાયદેસર જોગવાઇઓના વિરુધ્ધ પોતાની સત્તાધિકારની બહાર જઇ નિમણુંક આપવા માટે કોઇ પણ ઠરાવ,આદેશ કે નિર્ણય કરવામાં આવે તો તેવા ઠરાવ, આદેશ કે નિર્ણય મૂળથી જ (ab intio) રદબાતલ હોય છે તેથી તેનો અમલ કરવાનો પ્રશ્ન પણ રહેતો નથી. અને અમલ કરવા પણ વિચારણામાં લેવાય નહીં તેમ છતાં, ગ્રામ પંચાયતો દ્વારા આવી નિમણુંક/ભરતી માટે ઠરાવ થયેલ હોય તો સક્ષમ સત્તાધિકારી દ્વારા ઔપચારિક રીતે પ્રતિષેધ કરવા જરૂરી કાર્યવાહી કરવી જોઇએ અને સત્તાના દુરઉપયોગ સબબ પંચાયત તેમજ પદાધિકારી વિરુધ્ધ નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

આ ઉપરાંત વંચાણે લીધેલ ક્રમાંક-(૬) થી ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૫૫ની પેટા કલમ (૪)માં તા.૧૨/૦૪/૨૦૧૭થી કરવામાં આવેલ દ્વિતિય સુધારા મુજબ "**સરપંચની અથવા પંચાયતે તે અર્થે અધિકાર આપેલ પંચાયતના કોઈપણ સભ્યને અને સેક્રેટરીની સહી સિવાય, પંચાયતના ફંડમાંથી કોઈપણ નાણાં ઉપાડી શકશે નહિ**" તે મુજબની સ્પષ્ટ કાયદાકીય જોગવાઈ કરવામાં આવેલ છે, તેથી આવી અનિયમિત/ગેરકાયદેસર નિમણૂક/ભરતીના સંદર્ભે તલાટી-કમ-મંત્રી દ્વારા કોઈપણ પ્રકારની નાણાંકીય ચુકવણી થવી જોઈએ નહી અને આવા કિસ્સામાં તેમ કરવામાં કસુર થયે તલાટી-કમ-મંત્રીની અંગત જવાબદારી નક્કી કરવાની રહેશે તેમજ ગેરકાયદેસર/અનિયમિત નિમણૂકો/ ભરતી અંગેના ઠરાવો ઉપર તલાટી-કમ-મંત્રી દ્વારા કાયદાકીય જોગવાઈ વિરુધ્ધ કોઇપણ પ્રકારની ચુકવણી થશે તો આ અંગેની સઘળી જવાબદારી તલાટી-કમ-મંત્રીની રહેશે.

(૪) ગ્રામ પંચાયતો તરફથી કર્મચારીઓની ગેરકાયદેસર/અનિયમિત નિમણૂંક/ભરતી કરતાં ઠરાવોનો સંબંધિત તાલુકા વિકાસ અધિકારીએ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૨૪૯ અન્વયે મળેલ સત્તાની રૂએ સ્વયંસ્પષ્ટ હુકમ કરીને ઠરાવનો પ્રતિષેધ કરવાનો રહેશે.

(૫) ગ્રામ પંચાયતો દ્વારા ઠરાવ કર્યા સિવાય પણ ઘણા કિસ્સામાં આવી ગેરકાયદેસર/અનિયમિત નિમણૂંક/ભરતી કરવામાં આવેલ હોય તેની વિગતો સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીએ ગ્રામ પંચાયતો પાસેથી મેળવી આવી નિમણુંકો/ભરતી રદ કરવા માટેની કાર્યવાહી તુર્તજ હાથ ધરવાની રહેશે.

(૬) અગાઉ આવા પ્રકારનાં કોઇપણ પ્રકારનાં ગેરકાયદેસર ઠરાવ થયેલ હોય તેની વિગતો સાથે તાલુકા વિકાસ અધિકારીને કલમ-૨૪૯ હેઠળ પ્રતિષેધ માટે મોકલી આપવાનાં રહેશે. આ કામગીરી આ હુકમ મળ્યા તારીખથી એક માસમાં પૂર્ણ કરવાની રહેશે.

(૭) ગ્રામ પંચાયત આ પ્રકારનાં ગેરકાયદેસર ઠરાવ દ્વારા પોતાની સત્તા બહાર ચાલે અથવા સત્તાનો દૂરઉપયોગ કરે અથવા રાજ્ય સરકારનાં કોઇ હુકમની દુરાગ્રહપુર્વક અવગ્ના કરે તેવા સંજોગોમાં જિલ્લા પંચાયતનાં ઠરાવ સાથે ગુજરાત પંચાયત ધારાની કલમ-૨૫૩ મુજબ ગ્રામ પંચાયતનું વિસર્જન કરવા માટેની સ્વયંસ્પષ્ટ દરખાસ્ત વિકાસ કમિશ્નરશ્રી,ગાંધીનગરને મોકલી આપવાની રહેશે.

(૮) જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી તથા તાલુકા પંચાયત અધિકારી/વિસ્તરણ અધિકારી પંચાયત સહિતનાં ફેરણી અધિકારીઓની સંબંધિત ગ્રામ પંચાયતોની મુલાકાત/તપાસણી સમયે અનિયમિત નિમણૂંક/ભરતી અંગેની ચકાસણી કરી લેવાની રહેશે. અને આવા પ્રકારની અનિયમિત નિમણૂંક/ભરતી ધ્યાને આવ્યે તુર્તજ તે રદ કરવા અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૯) સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ના તા. ૧૪/૦૯/૧૯૯૩ ના ઠરાવ ક્રમાંક : નપમ/૧૬૯૧/૪૬૭/ક થી ઠરાવ્યા મુજબ ગ્રામ પંચાયત ના મહેકમ ખર્ચની મર્યાદા ૪૫ % નકકી કરવામા આવેલ છે નક્કી કરેલ મર્યાદામાં જ ગ્રામ પંચાયતો ધ્વારા ખર્ચ કરવામાં આવે તેની ચોકસાઇ સંબંધિત જિલ્લા વિકાસ અધિકારી/તાલુકા વિકાસ અધિકારીઓએ રાખવાની રહેશે, જો ગ્રામ પંચાયતો તેમ કરવામાં કસુર કરે તો ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧૦) જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ દર માસે તેમના દ્વારા યોજવામાં આવતી તાલુકા વિકાસઅધિકારીશ્રીઓની માસિક બેઠકમાં કાયમી એજન્ડા તરીકે અચુક આ બાબતની સમીક્ષા કરવાની રહેશે.

(૧૧) અહેવાલના સમયગાળા દરમ્યાન ગ્રામ પંચાયતોની મુલાકાત વખતે કરવામાં આવેલ કાર્યવાહીની સમીક્ષા કરીને તાલુકા વિકાસ અધિકારીશ્રીઓએ દર ત્રણ માસે ( માર્ચ, જુન, સપ્ટેમ્બર અને ડીસેમ્બર ) જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ દર છ માસે ( જુન અને ડીસેમ્બર ) તેઓના તાબા હેઠળની ગ્રામ પંચાયતોમાં ગેરકાયદેસર/અનિયમિત નિમણૂંક/ભરતી કરવામાં આવેલ ન હોવાનું પ્રમાણપત્ર મેળવી વિકાસ કમિશ્નરશ્રીને મોકલવાનું રહેશે.

(૧૨) રાજ્યના સ્થાનિક સંવર્ગના કર્મચારીઓની ભરતી મંજુર થયેલ સેટઅપ ઉપર ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ અથવા માન્ય ઠરાવેલ પધ્ધતિ હેઠળ સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજુરી મેળવી નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૩) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇ મુજબ મંજુર થયેલ વર્ગ-૪ના સેટઅપની ખાલી જગ્યાઓ સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજુરી મેળવી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરી, આ જગ્યા પરની કામગીરી આઉટ સોર્સિંગથી કરાવવાની રહેશે.

(૧૪) નામ. લેબર કોર્ટ/ઔદ્યોગિક અદાલતો/હાઇકોર્ટમાં ચાલતા કેસોમાં સુનાવણી સમયે જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત/ગ્રામ પંચાયતના વકીલશ્રી અચુક હાજર રહે અને સરકારશ્રીના વખતોવખતના જાહેરનામા ઠરાવો/ પરિપત્રો/સુચનાઓ/નિયમો/જોગવાઇઓ નામ.કોર્ટના ધ્યાને લાવી સરકારશ્રી વતી બચાવની કામગીરી કરે છે કે કેમ ? તે જોવાની જવાબદારી સંબંધિત જિલ્લા વિકાસ અધિકારી/તાલુકા વિકાસ અધિકારીની રહેશે. તેમજ નામ. કોર્ટમાં થયેલ કાર્યવાહીનો અહેવાલ સમયાંન્તરે સરકારશ્રીને મોકલવાનો રહેશે.

(૧૫) રાજ્યની તમામ ગ્રામ પંચાયતોમાં સક્ષમ અધિકારી દ્વારા મંજુર કરવામાં આવેલ સેટઅપ (મહેકમ) સિવાય, પંચાયત અધિનિયમની જોગવાઇ મુજબ ઠરાવેલ માન્ય પધ્ધતિ વિરૂધ્ધ ગેરકાયદેસર / અનિયમિત નિમણૂંકો/ભરતી ( IRREGULAR / ILLEGAL APPOINTMENTS ) કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓને છુટા કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તેવા કર્મચારીઓને છુટા કરવા માટે સરકારશ્રી દ્વારા વખતોવખત આપવામાં આવેલ સુચનાઓ તેમજ નામદાર કોર્ટ દ્વારા છટણી કરવા બાબતમાં આપેલ નિર્દેશો મુજબ પ્રક્રિયા પુર્ણ કર્યા બાદ જ છુટા કરવાના રહેશે.

ઉપર્યુક્ત પરિપત્રથી આપેલ સુચનાઓ તમામ ગ્રામ પંચાયતોને પરિપત્રિત કરી અમલ કરાવવાની જવાબદારી સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીની રહેશે. પરિપત્રથી આપેલ સૂચનાઓનો ભંગ થયેલ જણાશે તો સંબંધકર્તા જિલ્લા વિકાસ અધિકારીશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિત જવાબદાર કર્મચારીઓની પણ જવાબદારી નક્કી કરવામાં આવશે આથી ઉક્ત સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા તેમજ કરાવવા તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/તાલુકા વિકાસ અધિકારીશ્રીઓએ તકેદારી રાખવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ભરત ડામોર )
ઉપ સચિવ
પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત),સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ. કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ.
- સેક્શન અધિકારીશ્રી ખ, અને ડ શાખા, પંચાયત, ગ્રા. ગૃ. નિ અને ગ્રા. વિ વિભાગ.
- સિસ્ટમ મેનેજરશ્રી (પંચાયત વિભાગ) તરફ જાણ તથા પરિપત્ર વિભાગની વેબ સાઇટ પર મુકવા જરૂરી કાર્યવાહી કરવા સારું
- સિલેક્ટ ફાઇલ/૨૦૧૭.